| | | |
|---|---|---|
| | હવામાનપૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીન<br>કૃષિ હવામાનશાસ્ત્ર વિભાગ<br>સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિયુનિવર્સિટી , સરદારકૃષિનગર -૩૮૫૫૦૬<br>ફોન/ ફેક્ષ : 02748-278267 ઈમેલ: gkmsdantiwada@gmail.com | |

(સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિયુનિવર્સિટી અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા સંપન્ન)

હવામાન પૂર્વાનુમાન અને કૃષિસલાહ બુલેટીન

## બનાસકાંઠા જિલ્લો

**બુલેટીન નં.:75** **તા. 07.02.2020**

**પાછલા સમયનું હવામાન: 04-02-2020 થી 07-02-2020**

| | |
|---|---|
| વરસાદ (મી.મી.) | 0.0 |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | 29.9 |
| લઘુતમ તાપમાન (સે.ગ્રે.) | 9.5 |
| ભેજ (%) | 21-75 |
| પવનની ગતિ (કિ.મી./ કલાક) | 4-7 |
| વાદળની સ્થિતી (ઓક્ટા) | 0-0 |

**હવામાન આગાહી : 08-02-2020 થી 12-02-2020**

| તારીખ | દિવસ ૧ | દિવસ ૨ | દિવસ ૩ | દિવસ ૪ | દિવસ ૫ |
|---|---|---|---|---|---|
| વરસાદ (મી.મી.) | 0 | 0 | 0 | 0 | 0 |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે.) | 28 | 28 | 28 | 30 | 31 |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે.) | 13 | 13 | 14 | 16 | 18 |
| વાદળની સ્થિતિ (ઓક્ટા) | 0 | 0 | 0 | 0 | 1 |
| મહત્તમ ભેજ (%) | 33 | 37 | 36 | 31 | 35 |
| લઘુત્તમ ભેજ (%) | 15 | 16 | 15 | 15 | 22 |
| પવનની ગતિ (કિમી./કલાક) | 15 | 12 | 9 | 10 | 9 |
| પવનની દિશા (ડીગ્રી) | 37 | 63 | 58 | 50 | 59 |

| **સામાન્ય** | આગામી પાંચ દિવસમાં આકાશ ચોખ્ખું રહેશે અને વરસાદ પડવાની સંભાવના નથી. મહત્તમ તાપમાન 28-31 ડીગ્રી. સે. જ્યારે લઘુતમ તાપમાન 13-18 ડીગ્રી. સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ 15 થી 37 ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ 9 થી 15 કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. શિયાળું પાકોમાં જરૂરીયાત મુજબ પિયત આપવું. પાકોમાં રોગ/ જીવાતોનો ઉપદ્રવ થવાની શકયતા હોઈ તેના નિયંત્રણ માટે જરૂરી પગલાં ભરવા. | | |
|---|---|---|---|
| **પાકનું નામ** | **પાક અવસ્થા** | **રોગ/જીવાત** | **કૃષિ સલાહ** |
| દિવેલા | માળ પરીપક્વ | - | પરીપક્વ માળ ની લણણી કરવી. પાકની જરૂરિયાતને ધ્યાને લઈ અને પિયત અવશ્ય આપવું |
| ઘઉં | દુધિયા દાણા / પોંક અવસ્થા | - | ઘઉંના પાકને દુધિયા દાણા (વાવણી પછીના ૭૫ દિવસે) અને પોંક અવસ્થાએ (૮૫ થી ૯૫ દિવસે) પિયત આપવાની ભલામણ છે. |
| ચણા | પોપટા બેસવા | - | પાકને પોપટા બેસવાની અવસ્થાએ પિયત અવશ્ય આપવું. |
| જીરૂ | ફૂલ/ દાણા બન્ધાવા | કાળીયો રોગ | પાકમાં કાળીયો રોગ આવવાની શક્યતા રહે છે. તેને અટકાવવા માટે મેંકોઝેબ ૦.૨૫% (ડાયથેમ એમ-૪૫) ૩૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી તેમાં ૨૦ મી.લી. સાબુનું દ્રાવણ મેળવી પાક ઉપર છાંટવું. |
| બટાટા | કંદના વિકાસની અવસ્થા | સૂકારા રોગ | સૂકારા નાં રોગથી બચવા મેન્કોઝેબ (૦.૨% )૨૫ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. |
| રાઈ | દાણા ભરાવા | સફેદ ગેરૂ | રાયડામાં સફેદ ગેરૂ રોગ માટે મેંકોઝેબ ૦.૨૫% (ડાયથેમ એમ-૪૫) 30 ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી પાક ઉપર છાંટવું. હવામાન સુકુ હોવાથી પાકની જરૂરિયાતને ધ્યાને રાખી સાંજના સમયે પિયત કરવુ. |
| વરીયાળી | દાણા બેસવા | કાળીયો રોગ | પાકમાં કાળીયો રોગ આવવાની શક્યતા રહે છે. તેને અટકાવવા માટે મેંકોઝેબ ૦.૨૫% (ડાયથેમ એમ-૪૫) ૩૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી તેમાં ૨૦ મી.લી. સાબુનું દ્રાવણ મેળવી પાક |

| | | | |
|---|---|---|---|
| | | | ઉપર છાંટવું. |
| ટામેટા | ફળ | - | પરિપક્વ ફળોને ઉતારીને તેનું વર્ગીકરણ કરી બજારમાં વેચાણ માટે મૂકવા. |
| રીંગણ | ફૂલ/ફળ | થડ કોરી ખાનાર ઈયળ | થડ કોરી ખાનાર ઈયળના નિયંત્રણ માટે ખેતરમા રાત્રીના સમયે પ્રકાશશપિંજર ગોઠવવા. ક્વિનાલફોસ ૨૫ ઈસી ૨૦ મી.લી. ૧૦ લિટર પાણીમાં ભેળવી થડ પર અને જમીન પર પડે તે રીતે સાંજના સમયે છાંટકાવ કરવો. હવામાન સુકુ હોવાથી પાકની જરૂરિયાતને ધ્યાને રાખી સાંજના સમયે પિયત કરવુ. |
| ફળઝાડ | - | - | ફળવાડીના બગીચામાં પાણીની ખેંચના રહે તે સારૂ જરૂરીયાત મૂજબ નિયમિત પિયત આપવું. |
| ઢોર | - | - | શિયાળાની ઋતુમાં અતિશય ઠંડા સીધા પવનથી રક્ષણ માટે પશુઓ ને શેડમાં બાંધવા અને કંતાનના કોથળાનો ઉપયોગ કરવો. ઠંડીમાં પશુઓ ને રાત્રે ખુલ્લામાં ના રાખવા. નાના વાછરડાને પવનથી રક્ષણ આપવું. સવાર સાંજ સુકો ચારો આપવો. પીવા માટે હુંફાળું પાણી આપવું. ખરવા-મોંવાસા ની રસી મુકાવવી. |

MINISTRY OF EARTH SCIENCES
INDIA METEOROLOGICAL DEPATMENT
HYDROMET SECTION, PUNE




**NOAA/VIIRS/BLENDED NDVI Composite ending on Week no 05**
**(29.01.2020 to 04.02.2020) over Agricultural region**




Agricultural Vigour is good at few parts of Gujarat.

નોડલ ઓફીસર
એ.એમ.એફ.યુ, દાંતીવાડા